# 78મો સ્વાતંત્ર્ય દિન–15 ઓગસ્ટ, 2024 નિમિત્તે માનનીય મંત્રીશ્રીઓની સ્પીચનો મુસદ્દો

(2740 શબ્દો)

## ભારતની સ્વતંત્રતાની પૂર્વભૂમિકા અને સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન

- સૌને નમસ્કાર! ભારત માતા કી જય...
- ભાઈઓ-બહેનો, આપ સહુને 78મા સ્વાતંત્ર્ય દિવસની હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવું છું.
- મહાન ભારત દેશના 140 કરોડ દેશવાસીઓ દ્વારા 78મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી સૌ માટે ગૌરવની ક્ષણ છે.
- એટલું જ નહિ, આપણી આઝાદીની ભવ્ય ઇમારતના પાયામાં જેમના બલિદાનની ગાથા છે એવા નામી-અનામી, અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવાનો પણ આ અવસર છે.
- આઝાદીના આપણા સંઘર્ષની શરૂઆત 1857ના વિપ્લવથી જ થઈ ગઈ હતી, ત્યારે પ્રથમ વખત ભારતના દેશભક્તોએ અંગ્રેજ શાસન સામે સશસ્ત્ર ક્રાંતિનો સંગ્રામ ખેલ્યો હતો. તે પછી સતત 1947 સુધી ભારતીયોએ અંગ્રેજો સામે દેશની આઝાદી માટે લડત આપી હતી.
- આઝાદીના આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં નાનાસાહેબ પેશ્વા, તાત્યા ટોપે, રાણી લક્ષ્મીબાઈ, ગોપાલકૃષ્ણ ગોખલે, સુભાષચંદ્ર બોઝ, લાલા લાજપતરાય, બાળ ગંગાધર તિલક, વીર સાવરકર જેવા અસંખ્ય વીરો અને વીરાંગનાઓએ બલિદાન આપ્યા છે.
- ભગતસિંહ, સુખદેવ, અશ્ફાકઉલ્લા ખાન, ખુદીરામ બોઝ, ચંદ્રશેખર આઝાદ સહિત કેટલાય યુવાનોએ હસતાં-હસતાં શહીદી વહોરી લીધી હતી.
- આજે પતેતીનું પર્વ પણ છે. સ્વતંતત્રતા સંગ્રામમાં પારસી સમાજના મેડમ ભિખાઈજી કામાએ વિદેશની ધરતી પર તિરંગો ડિઝાઈન કરીને ફરકાવ્યો હતો તેનું પણ આજે સ્મરણ કરીએ.
- સ્વતંત્રતાના આ લાંબા સંઘર્ષમાં ગુજરાત અગ્રેસર રહ્યું હતું. ગુજરાતના સપૂત એવા શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ રાણા સહિતના વીરોએ દેશની આઝાદી માટે વિદેશની ધરતી પર જીવન હોમી દીધા.
- આવા અનેક સપૂતોના બલિદાનના પરિણામે 15 ઑગસ્ટ, 1947ના દિવસે આપણો દેશ આઝાદ થયો અને સદીઓ બાદ સ્વતંત્રતાનું સ્વપ્ન સાકાર થયું.
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આપેલી અહિંસક લડત અને ભારત છોડો આંદોલન તેમજ દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 562 રજવાડાંઓનું વિલિનીકરણ કરીને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કરવાની દૃઢ નિર્ણાયકતાને આખો દેશ ક્યારેય નહીં ભૂલે!
- ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલું સંવિધાન અને આદરણીય ગાંધી બાપુની અહિંસા અને સત્યાગ્રહની વિચારધારા આજે સ્વતંત્ર ભારતના વિકાસનો પાયો બની છે.
- સ્વતંત્રતાના 77 વર્ષોમાં ભારતે અનેક ચડાવ-ઉતાર જોયા છે.
- વિદેશી હુકૂમતના શાસનમાં દેશની સ્થિતિથી લઈને પાછલા દશકામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રએ સાધેલા અભૂતપૂર્વ વિકાસ સુધીના સમયગાળાનો દેશ સાક્ષી રહ્યો છે.
- દેશને વિકસિત બનાવવા માટે વિકસિત ગુજરાતના નિર્માણનો સંકલ્પ લઈને આગળ વધવાનો આજનો આ અવસર છે.

## વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રનિર્માણમાં જન-જનને જોડ્યાં – હર ઘર તિરંગા

- આપણા રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમા જન-જનને જોડવાનો ઉપક્રમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવ્યો છે.

- તેમની પ્રેરણાથી “આઝાદી કા અમૃત મહોત્સવ”, “મેરી મીટ્ટી મેરા દેશ” અને “હર ઘર તિરંગા” જેવા અભિયાનોથી “નેશન ફર્સ્ટ"ની ભાવના જન-જનમાં પ્રબળ બની છે.
- ગુજરાત સરકારે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં આવા પર્વોને લોકોત્સવ તરીકે ઉજવવાની પહેલ કરી દેશને એક નવી પ્રેરણા પૂરી પાડી છે.
- ૮મી ઓગષ્ટથી શરૂ થયેલા હર ઘર તિરંગા અભિયાનમાં રાજ્યના કરોડો નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દેશપ્રેમની ભાવના પ્રબળ કરી છે.
- વડાપ્રધાનશ્રીએ વિકાસ સાથે પર્વોને જોડીને દેશને દુનિયાના નકશામાં વિશેષ સ્થાન અપાવ્યુ છે, તો આપણે પણ આપણી સંસ્કૃતિ, ભાષા, અને પરંપરાઓને જાળવી રાખીને દેશની આઝાદીને મજબૂત બનાવી છે.
- આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પર્ફોર્મ(Perform), રિફોર્મ(Reform) અને ટ્રાન્સફોર્મ(Transform)ના મંત્ર સાથે ભારત વિશ્વની ખૂબ ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા બન્યું છે.
- હવે વડાપ્રધાનશ્રીની ત્રીજી ટર્મમાં આપણે ત્રીજી મોટી આર્થિક તાકાત બનવાનું છે.
- તેમના નેતૃત્વમાં દેશમાં પાછલા 10 વર્ષો ગરીબો, વંચિતો, મહિલાઓના કલ્યાણ અને ઉત્થાનના રહ્યાં છે.
- આ દિશાને વધુ આગળ ધપાવવા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ગ્યાન આધારિત બજેટ રજૂ કરીને ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના કલ્યાણને કેન્દ્રમાં રાખ્યું છે.

<u>ગરીબ</u>

- વડાપ્રધાનશ્રીએ સતત ત્રીજી વાર દેશનું શાસન દાયિત્વ સંભાળ્યા બાદ પ્રથમ ગરીબ હિતલક્ષી નિર્ણય કરીને મોદી 3.0 કાર્યકાળની શરૂઆત કરી છે.
- ગરીબ, વંચિત, શોષિત અને આવાસ વિહોણા જરૂરતમંદ પરિવારોને 3 કરોડ પાકા મકાનો આપવાની પ્રતિબદ્ધતા દર્શાવીને ગરીબોના હિત માટે પ્રથમ પગલું ભર્યું છે.
- ભારત સરકારે આ યોજના અંતર્ગત પાછલા 10 વર્ષમાં 4 કરોડ 21 લાખ મકાનોનું નિર્માણ જરૂરતમંદ ગરીબ પરિવારો માટે કર્યું છે. આ આવાસોમાં પાયાની મૂળભૂત સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી છે.
- પાછલા 10 વર્ષમાં દેશના 25 કરોડ જેટલા લોકો ગરીબીમાંથી બહાર આવ્યાં છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ગરીબ, વંચિત, તેમ જ અંતરિયાળ વિસ્તારના લોકો સુધી વ્યક્તિગત અને સમુહ યોજનાલક્ષી લાભ સીધા જ હાથોહાથ પહોંચે તે માટે ગુજરાતમાં 2009થી ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કરાવ્યા છે.
- 2009માં શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાની 13 કડી અત્યાર સુધીમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે, તેમાં 1604 મેળાઓ યોજીને 36,800.90 કરોડ રૂપિયાની સહાય રાજ્યના 1.66 કરોડ લાભાર્થીઓને હાથોહાથ પહોંચાડી છે.
- ગરીબ કલ્યાણ હિતલક્ષી પરંપરાને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ આગળ ધપાવી છે.
- આગામી સપ્ટેમ્બર-2024માં ગરીબ કલ્યાણ મેળાની 14મી કડી યોજાવાની છે.
- પંડિત દીન દયાળ ઉપાધ્યાયજીના ‘હર હાથ કો કામ, હર હાથ કા સન્માન’ મંત્રને વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં સાકાર કર્યો છે.
- રોજનું રોજ કમાઈને ખાનારા લારી-ગલ્લા ફેરિયાવાળાના જામીન ખુદ વડાપ્રધાનશ્રી બન્યા છે.
- પીએમ-સ્વનિધિ યોજના શરૂ કરાવીને દેશના કરોડો ગરીબોને લોન સહાય પૂરી પાડી છે.
- રાજ્યના વિકાસ અને પ્રગતિ માટે પરિશ્રમનો પરસેવો પાડનારા પાયાના શ્રમિકોના સર્વગ્રાહી કલ્યાણની ચિંતા વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરી છે.

- રાજ્ય સરકારે શ્રમયોગીઓ માટે જીવનના વિવિધ તબક્કે લાભદાયી યોજનાઓને અમલી બનાવી છે.
- તેમના માટે કામના સ્થળ નજીક જ આહાર અને આવાસની સુવિધા મળે તેવી વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકસાવી છે.
- પાંચ રૂપિયાના નજીવા દરે ભોજન મળી રહે તે માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના અને વ્યક્તિદીઠ પાંચ રૂપિયામાં રહેઠાણની સુવિધા માટે શ્રમિક બસેરા યોજના શરૂ કરાવી છે.
- કારીગરોની સામાજિક-આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા માટે માનનીય વડાપ્રધાનશ્રીએ PM વિશ્વકર્મા યોજના અમલી બનાવી છે, તેને ગુજરાતમાં પણ સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે.
- નાના ધંધા-રોજગાર કરતા કારીગરોની લાગણીને ધ્યાને રાખીને જરૂરી સુધારા સાથે સંવર્ધિત "માનવ કલ્યાણ યોજના 2.0" અમલમાં મૂકી છે.
- આદિજાતિ વિસ્તારોને અન્ય વિસ્તારો જેવા જ વિકસિત બનાવવા 2007માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરાવી હતી.
- રાજ્યના આદિજાતિ સમુદાયોને આજીવિકા, આવાસ, આર્થિક ઉન્નતિ, શિક્ષણ અને માળખાકીય સુવિધા આપવા 1 લાખ કરોડની ફાળવણીથી વનબંધુ કલ્યાણ યોજના અમલી બની હતી.
- આ યોજનાની સફળતાને પગલે વનબંધુ કલ્યાણ યોજના-2, 2021 થી 2026 સુધી આપણે વધુ 1 લાખ કરોડની જોગવાઈ સાથે શરૂ કરી છે. આવનારા વર્ષમાં આ માટે 30 હજાર કરોડથી વધુનું પ્રાવધાન કરવામાં આવ્યું છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના, હળપતિ આવાસ, આદિમજૂથ આવાસ, જેવી યોજનાઓનો લાભ 6 લાખ જેટલા આદિજાતિ પરિવારોને મળ્યો છે. અને તેમના જીવનમાં ગુણાત્મક બદલાવ આવ્યો છે.
- આ ગુણાત્મક બદલાવ ગુજરાતમાં આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણમાં પણ જોવા મળ્યો છે.

**યુવા**

- આદરણીય વડાપ્રધાનશ્રીએ હંમેશા યુવા કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો છે.
- આ જ દિશામાં, આગળ વધતા નવા ઉભરી રહેલા ક્ષેત્રોમાં કૌશલ્ય અને રોજગારીની તકો વધારવા માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતમાં આપણે ઘણી નવી પહેલો શરૂ કરી છે.
- ગુજરાત માનવ સંસાધન માટે એક વૈશ્વિક કેન્દ્ર તેમજ વિશ્વ સ્તરીય શૈક્ષણિક સંસ્થાઓ અને કૌશલ્ય વિકાસ કેન્દ્રોનું હબ બનવાની દિશામાં અગ્રેસર છે.
- મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના દ્વારા સેમિકન્ડક્ટર, બ્લોકચેન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા કેટલાક ઉભરતા ક્ષેત્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.
- રાજ્યના યુવાનો રોજગારવાંચ્છુઓ નહિ પણ રોજગારી દાતા બને તે માટે રાજ્યમાં સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમ વિકસાવી છે.
- કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ રેંકિંગ ફ્રેમવર્કમાં ગુજરાત સતત 'બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ' બન્યું છે.

**અન્નદાતા**

- વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કૃષિ અને કિસાન સમૃદ્ધ બને તેવી અનેક પહેલો-યોજનાઓ અમલમાં આવી છે.
- પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રાજ્યના 45 લાખથી વધુ ખેડૂતોને દર વર્ષે રૂ. 6000ની આર્થિક સહાય મળી રહી છે
- જૈવિક અને પ્રાકૃતિક ખેતીને મોટા પાયે પ્રોત્સાહન આપવા માટે ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

- રાજ્યમાં 43 લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે, તેમાંથી 9 લાખ ખેડૂતો 7 લાખ એકરથી વધુની જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.
- ગુજરાત તો પેયજળ અને સિંચાઈ ક્ષેત્રે જળ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને દેશમાં અગ્રેસર રહ્યું છે.
- લગભગ 15 લાખ ખેડૂતોએ માઇક્રો ઇરિગેશન પદ્ધતિ અપનાવી છે, લગભગ 23.4 લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધા છે.
- દરેક ઘરોમાં નલ સે જલ પહોંચી રહ્યું છે.
- જળ વ્યવસ્થાપનમાં મહિલાઓની મહત્વપૂર્ણ ભાગીદારી સુનિશ્ચિત કરતા રાજ્યમાં 17,000થી વધુ પાણી સમિતિઓ સંચાલિત કરી છે.

<u>**નારીશક્તિ**</u>

- ભાઈઓ-બહેનો,
- આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા 10 વર્ષમાં નારીશક્તિનું ગૌરવ વધારીને તેમને આગળ વધવા માટેના અનેક અવસરો પૂરા પાડ્યા છે.
- આજે પંચાયત ભવનથી લઈને રાષ્ટ્રપતિ ભવન સુધી નારીશક્તિનો પરચમ લહેરાઈ રહ્યો છે.
- વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશના નારીશક્તિના ઉત્થાન અને સમાનતાને પ્રોત્સાહન આપનારી અનેક નીતિઓ-યોજનાઓ અમલમાં છે.
- એટલું જ નહિ, શાસન અને નિર્ણય લેવાની ભૂમિકાઓમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધારવા માટે પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.
- આ માટે વડાપ્રધાનશ્રીએ મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા 'નારીશક્તિ વંદના અધિનિયમ' જેવો ઐતિહાસિક કાયદો સંસદમાં પસાર કરાવ્યો છે.
- આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મહિલાઓના અર્થતંત્રમાં યોગદાનને વેગ મળે તેવું વુમન લેડ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપતું ભારત સરકારનું બજેટ તાજેતરમાં પ્રસ્તૂત થયું છે.
- ગુજરાતમાં પણ આપણે વિવિધ યોજનાઓ અને સ્વસહાય જૂથોને આર્થિક સહાય આપીને રાજ્યના અર્થતંત્રમાં મહિલા ભાગીદારી વધારવા પ્રતિબદ્ધ છીએ.
- રોજગારી સર્જનમાં નારીશક્તિની હાલની 42 ટકા ભાગીદારીને 2047 સુધીમાં 75 ટકાએ લઇ જવાની ગુજરાત સરકારની નેમ છે
- મિશન મંગલમના માધ્યમથી રાજ્યમાં તાલીમ સંસ્થાઓ દ્વારા 3 લાખ 13 હજારથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે વિવિધ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવી છે.
- આના પરિણામે ગ્રામીણ નારીશક્તિના ગૃહઉદ્યોગ, હુન્નર અને હસ્તકળાકારીગરી જેવા કૌશલ્યોને નવી દિશા મળી છે.
- દીકરીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તેવા ઉદ્દેશથી માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં વિદ્યાર્થિની દીઠ રૂ. 50 હજારની આર્થિક સહાય આપવામાં આવે છે.
- વિજ્ઞાન સંબંધિત વિષયોમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓ નામાંકન માટે પ્રોત્સાહિત થાય તેવા હેતુથી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' શરૂ કરી છે.
- આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને બે વર્ષોમાં રૂ. 25,000ની સહાયતા પ્રદાન કરી રહ્યા છીએ.

- આ યોજના થકી આગામી પાંચ વર્ષોમાં વિજ્ઞાનના વિષયોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વાર્ષિક 2 થી 5 લાખ સુધીનો વધારો થવાની અપેક્ષા છે

**<u>આર્થિક અને ઔદ્યોગિક વિકાસ</u>**

- બંધારણના ઘડવૈયાઓએ સમાજ કલ્યાણની સાથે આર્થિક વિકાસનું જે દિશાદર્શન કર્યું એને સાર્થક કરીને રાજ્યમાં ઉદ્યોગને પણ વિશેષ મહત્વ આપ્યું છે.
- આજે સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકે ભારત વિશ્વનું આર્થિક કેન્દ્ર પણ બની રહ્યું છે.
- વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણો દેશ વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિમાં યોગદાન આપવા સાથે 'વિશ્વ મિત્ર'ની ભૂમિકા પણ નિભાવી રહ્યો છે.
- આવનારા વર્ષોમાં ભારતને 5 ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવાનું લક્ષ્ય વડાપ્રધાનશ્રીએ આપ્યું છે.
- એ માટે આપણે પણ 2027 સુધીમાં ગુજરાતના અર્થતંત્રને 500 બિલિયન અમેરિકન ડોલર સુધી લઇ જવાનું નક્કી કર્યું છે.
- MSMEનું આ માટે મહત્વનું યોગદાન રહેશે.
- ગુજરાતે MSMEsના વિકાસ માટે વિવિધ યોજનાઓ અને પ્રકલ્પો સક્રિય રીતે લાગુ કર્યાં છે.
- ગુજરાતમાં 19 લાખથી વધુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ઉદ્યમ પોર્ટલ પર નોંધાયેલા છે અને રાજ્યના 80 લાખથી વધુ લોકોને રોજગાર આપે છે.
- રાજ્યમાં ઉદ્યોગો વિકાસની ઈકોસિસ્ટમ સુદ્રઢ કરવામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2003માં શરૂ કરાવેલી વાઈબ્રન્ટ સમિટ પણ મહત્વની બની છે.
- ગુજરાતે આ વર્ષે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'ગેટવે ટુ ધ ફ્યુચર'ની થીમ સાથે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની 10મી કડીનું સફળ આયોજન કર્યું હતું.
- વિકસિત ભારતના લક્ષ્યાંકોને સિદ્ધ કરવામાં આ 10મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સીમાચિહ્નરૂપ સાબિત થશે, એમાં કોઈ શંકા નથી.

<u>વાઈબ્રન્ટ અને સેમીકન્ડક્ટર જેવા ઊભરતા ક્ષેત્રો</u>

- ગુજરાતે હવે પરંપરાગત ઉદ્યોગોની સાથે ભવિષ્યની ટેકનોલૉજી અને માંગ આધારિત ક્ષેત્રો પર પણ ફોકસ કર્યું છે.
- આ સમિટ દરમિયાન સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા ઊભરતા ક્ષેત્રોમાં ગુજરાતમાં રોકાણ થયા છે.
- ગુજરાત આજે 'ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર સેમિકંડક્ટર એન્ડ ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ' તરીકે સ્થાપિત થઈ રહ્યું છે અને આ ક્ષેત્રમાં રૂ. 1 લાખ કરોડથી વધુનું રોકાણ થયું છે.
- ભારતની પહેલી સેમિકન્ડક્ટર ચીપનું નિર્માણ ગુજરાતમાં થવા જઇ રહ્યું છે.

<u>ઊર્જા વ્યવસ્થાપન ક્ષેત્રે અગ્રેસર ગુજરાત</u>

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં રાજ્યની કૃષિ, જળ વ્યવસ્થાપન અને ઉદ્યોગને સુદ્રઢ કરવામાં સતત વીજ પુરવઠો મળી રહે તે માટે ઉત્તમ કામગીરી થઈ છે.
- ગુજરાત 365 દિવસ 24 કલાક ગુણવત્તાપૂર્ણ અને સુરક્ષિત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવાની નેમ રાખી છે.
- આપણું ગુજરાત રાજ્ય હવે ગ્રીન ઊર્જાનો વ્યાપ વધારીને ગ્રીન ગ્રોથ તરફ આગળ વધી રહ્યું છે.
- ગુજરાત રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે અગ્રેસર છે. રાષ્ટ્રીય સ્તરે સોલાર રૂફટોપ યોજનાનું અસરકારક અમલીકરણ કરીને ગુજરાતે ટોચનું સ્થાન મેળવ્યું છે.

- કચ્છમાં વિશ્વના સૌથી મોટા 37 ગીગાવોટના સોલાર-વિંડ હાઇબ્રિડ એનર્જી પાર્કના નિર્માણને પૂર્ણ કરવાની દિશામાં આપણે ઝડપથી આગળ વધી રહ્યા છીએ.
- આ વર્ષે રાજ્યના 10 લાખ ઘરોને સોલાર રૂફટોપ અંતર્ગત આવરી લેવાનો લક્ષ્યાંક રાખ્યો છે.
- રાજ્યના દરેક નાગરિકની પૂરતી આરોગ્ય કાળજી લેવાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.
- ગુજરાતે વિવિધ પહેલો અને યોજનાઓ અમલી બનાવીને તેમજ ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારીને નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થાય તે સુનિશ્ચિત કર્યું છે.
- નીતિ આયોગે જાહેર કરેલા ઇન્ડેક્સમાં આરોગ્ય વિષયક વિવિધ માપદંડોમાં કુલ 100માંથી 90 ગુણ મેળવી ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે.
- ગ્રામીણ સ્તર સુધી PHC, CHC અને વેલનેસ સેન્ટરો થકી આરોગ્ય સેવાઓનો વ્યાપ વધાર્યો છે.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાને દેશભરમાં લાગુ કરી છે.
- આ યોજના હેઠળ રાજ્યના ગરીબ-મધ્યમવર્ગના 2.59 કરોડ આયુષ્માન કાર્ડ ધારકોને લાભ મળી રહ્યો છે.
- રાજ્ય સરકારે આ યોજનામાં મળતી સહાયને પરિવારદીઠ 5 લાખથી વધારીને 10 લાખ કરી છે.

**<u>ગુડ ગવર્નન્સ 2.0</u>**

- રાજ્યના નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવે અને ‘ઇઝ ઓફ લિવિંગ’ વધે તેનો રાજ્ય સરકારે હરહંમેશ ખ્યાલ રાખ્યો છે.
- નાગરિકલક્ષી સુવિધાઓ આંગળીના ટેરવે અથવા એક જ સ્થળેથી મળી રહે તે દિશામાં રાજ્ય સરકારે નાના ટાઉનમાં પણ સિટી સિવિક સેન્ટરો ઊભા કર્યા છે.
- સેવાઓના લાભ ઝડપી અને પારદર્શી રીતે મળે તે માટે મોટાભાગની સુવિધાઓ ઓનલાઈન અને ફેસલેસ કરી રહ્યાં છીએ.
- રાજ્યનો આ સર્વાંગી વિકાસ અને શાંતિ કાયદાના અસરકારક અમલીકરણ અને સુદ્રઢ પોલીસ વ્યવસ્થાને આભારી છે.

**<u>સામાજિક સુરક્ષા અને સલામતી – ત્રણ નવા કાયદા</u>**

- રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.
- તાજેતરમાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમવર્ગીય લોકોની પીડા દૂર કરવાનો મોટો પ્રયાસ ગુજરાત પોલીસે કર્યો છે.
- અગાઉ લોક થઇ ગયેલા 28,000 બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા છે.

<u>ત્રણ નવા કાયદા</u>

- ભાઈઓ બહેનો, રામમંદિર હોય, કલમ 370ની નાબૂદી, ટ્રિપલ તલાક હોય કે મહિલા આરક્ષણ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર ‘જે કહેવું તે કરવું’માં માને છે.
- અંગ્રેજોના સમયના કોલોનિયલ કાનૂનો સહિત, ગુલામીકાળના તમામ અંશથી દેશને મુક્તિ આપવાની વાત વડાપ્રધાનશ્રીએ 2022-ની 15 મી ઓગસ્ટે લાલ કિલ્લાની પ્રાચિર પરથી કરી હતી.
- આદરણીય વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને સાકાર કરવા આપણા દેશના બાહોશ ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે નવા કાનૂનો સંસદમાંથી પસાર કરાવ્યા છે.

- દેશને આઝાદી મળ્યાના સાત-સાત દાયકા સુધી, દેશમાં અંગ્રેજોએ બનાવેલા અપરાધિક અને ન્યાયિક કાયદા-કાનૂનથી જ કામ ચાલતું હતું.
- હવે જુના અપરાધિક-ન્યાયિક કાયદાની જગ્યાએ 'ભારતીય ન્યાય સંહિતા', 'ભારતીય નાગરિક સંહિતા' અને 'ભારતીય સાક્ષ વિધેયક'ના ત્રણ નવા કાયદા અમલમાં આવ્યા છે.
- કશ્મીરથી કન્યાકુમારી અને ઓખાથી આસામ સુધી એક જ ન્યાય-દંડ અને સુરક્ષા સંહિતા લાગુ થઈ છે.
- આ કાયદાના અમલ પછી, એફઆઈઆરથી લઈને કોર્ટના નિર્ણય સુધીની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન થઈ જશે અને ભારત ફોજદારી ન્યાય પ્રણાલીમાં આધુનિક ટેકનોલોજીનો સૌથી વધુ ઉપયોગ કરતો દેશ બની જશે.
- અમૃતકાળમાં આદરણીય વડાપ્રધાનશ્રીની દેશવાસીઓને આ એક મોટી ભેટ છે.
- છેલ્લા 10 વર્ષમાં દેશના વિકાસને વેગવંતો કરવાની અને નાગરિકોના ઈઝ ઓફ લિવિંગને વધારવાની આવી તો અનેક ભેટો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી છે.

**<u>સમાપન - એક પેડ માં કે નામ</u>**

- છેલ્લા એક દાયકામાં ભારત વિશ્વ સમક્ષ એક સશક્ત રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે, અને ભારતની આ સ્થિતિને હજુ વધુ સશક્ત કરવાનો આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો સંકલ્પ છે.
- ભાઈ-બહેનો, આજે 78મું સ્વાતંત્ર્ય પર્વ છે. આપણે આગામી બે દાયકા પછી સ્વતંત્રતાની શતાબ્દી મનાવવાના છીએ.

<u>વિકસિત ભારત @2047 – લિવિંગ વેલ, અર્નિંગ વેલ</u>

- 2047માં દેશની આઝાદીના 100 વર્ષ પૂરા થશે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રીએ આપણને 'વિકસિત ભારત @2047'નું વિઝન આપ્યું છે.
- વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @2047ના વિઝનને સિદ્ધ કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ની નેમ રાખી છે.
- 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે 'વિકસિત ગુજરાત @2047' નો સ્ટેટ વિઝન ડોક્યુમેન્ટ લોન્ચ કર્યું છે.
- આ ડોક્યુમેન્ટ એ વર્ષ 2047 સુધીમાં ગુજરાતને વિકસિત ગુજરાત બનાવવા માટેનો રોડમેપ છે, અને આવો રોડમેપ લોન્ચ કરનાર ગુજરાત દેશનું સર્વપ્રથમ રાજ્ય છે.
- આ રોડમેપમાં નાગરિકોને વૈશ્વિક કક્ષાની તમામ સુવિધાઓ, પર્યાવરણ, સારી ગુણવત્તાવાળી શુદ્ધ હવા અને પાણી, આરોગ્યની સુવિધાઓ, બહુવિધ શિક્ષણ અને કૌશલ્ય ઉપલબ્ધ કરાવવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- 'વિકસિત ગુજરાત @2047'માં આપણે પ્રગતિ, સમૃદ્ધિ અને સમાવેશી વિકાસ માટે 'લિવિંગ વેલ અને અર્નિંગ વેલ'નો ધ્યેય રાખ્યો છે.
- રાજ્યની માથાદીઠ આવક વર્ષ 2047 સુધીમાં 38 થી 43 હજાર યુ.એસ. ડોલર લઈ જવાનો લક્ષ્યાંક ગુજરાતે રાખ્યો છે.
- ગુજરાતના પનોતાપુત્ર અને લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે કે ''આપણને મળેલી આ મહામૂલી સ્વતંત્રતામાં આપણું કોઈ સીધુ યોગદાન નથી, પરંતુ આઝાદી કાજે બલિદાન આપનારા એ શહીદોને સન્માન આપવાની અને યાદ કરવાની આપણને તક મળી છે.''
- આઝાદીના ઘડવૈયાઓએ આપણા હાથમાં મૂકેલું આઝાદીનું વૃક્ષ આજે વિકાસનું વટવૃક્ષ બન્યું છે.
- 'વિકસિત ભારત @2047' ના સંકલ્પને સાકાર કરવાના પથ પર ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે.

- વિકાસના આ પથમાં પર્યાવરણને સાથે લઈને ચાલવાનું વિઝન આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે.
- આ માટે તેમણે પૃથ્વી પર ગ્રીન આવરણ વધે તે માટે 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનો આપ્યા છે.
- ગુજરાતે આ અભિયાનમાં આગામી માર્ચ-2025 સુધીમાં 17 કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.
- આઝાદીના વૃક્ષના મૂળિયા સિંચનારા સ્વાતંત્ર્યવીરોની વિરાસત આપણી પાસે તો પર્યાવરણ પ્રિય આધુનિક વિકાસનો માર્ગ પણ છે.
- 'વિરાસત ભી વિકાસ ભી'ના વડાપ્રધાનશ્રીના મંત્રને સાથે મળીને સાકાર કરવાનો સંકલ્પ 78માં સ્વાતંત્ર્ય પર્વે લઈએ.
- આવો, આપણે સહુ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણમાં આપણું સક્રિય યોગદાન આપીએ.
- ફરી એકવાર આપ સૌને 78મા સ્વાતંત્ર્ય દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ.
- જય હિંદ!
- જય જય ગરવી ગુજરાત!

------